ઈંધર ચલા, મેં ઉધર ચલા, જાને કહાં મેં કિધર ચલા... અરે ફિસલ ગયા, યે તુને ક્યા કિયા!

# રાજ્ય ધોરીમાર્ગનાં રસ્તાઓના હાલ 'ચીંથરેહાલ'

**સામાન્ય વરસાદમાં રસ્તાની આપી દુર્દશા**

**તાપી જિલ્લાના** રસ્તાઓ પરથી ડામર- કપચીનાં પોપડા માટીની જેમ ઉખડી પડ્યા

**ખાડાઓ** કોન્ટ્રાક્ટર પાસે પુરાવાને બદલે તંત્ર પોતે કામ પર લાગ્યું!

વ્યારા : તાપી જિલ્લામાં સ્ટેટ માર્ગ મકાન વિભાગનું પાપ છાપરે ચઢીને પોકાર્યું છે. હલ્કી કક્ષાનાં રસ્તાઓના ચીથરેહાલ થતા વરસાદે માર્ગ મકાન વિભાગની પોલ ખોલી દીધી છે. ભ્રષ્ટાચારના પાપે મોટાભાગના રસ્તાઓ પરથી ડામર- કપચીના પોપડા માટીની જેમ ઉખડી ગયા છે. ખાડાઓ જે તે કોન્ટ્રાક્ટરથી પુરાવાને બદલે તંત્ર પોતે કામ પર લાગી જતાં ગેરંટી પિરિયડમાં હોય તેવા રસ્તાનો રિપેરિંગ ખર્ચ કોન્ટ્રાકટરના શિરે નાંખવાને બદલે સરકારી તિજોરી પર બોજો નંખાય તેવી હીલચાલ હાલ શંકાનાં દાયરામાં આવી છે. તાપી જિલ્લામાં વરસાદને કારણે માર્ગ અને મકાન વિભાગનાં રાજ્ય હસ્તકના રસ્તાઓ ઉપર ખાડા પડવાથી રસ્તાઓનાં અસ્થિપિંજરો છૂટા પડી ગયા હતા. વરસાદના કારણે ખરાબ થયેલા રસ્તાઓના દુરસ્તી કામમાં રૂકાવટ આવતી હોય વાહનચાલકો પણ તોબા પોકારી ઉઠ્યા હતા. પરંતુ વરસાદના વિરામની સાથે જ સ્ટેટ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આવા રસ્તાઓના મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. ભારે વરસાદને કારણે માર્ગ અને મકાન રાજ્ય હસ્તકના વધુ નુકસાન પામેલા રસ્તાઓની પ્રથમ તબક્કામાં મરામતની કામગીરી હાથ ધરવામાં આવી છે. પરંતુ સામાન્ય વરસાદમાં રસ્તાઓની આવી દુર્દશા થાય છે કેવી રીતે? રાજ્યનાં ધોરીમાર્ગનાં કિસ્સામાં રસ્તાની સ્પેશિયલ ટ્રીટમેન્ટ આપવામાં આવતી હોય છે. એક કિ.મી. સુધીનાં રસ્તા માટે એક કરોડથી વધુની રકમ ફાળવાતી હોય છે. ત્યારે આવા રસ્તાઓ ચોમાસા પહેલાં બને અને ચોમાસામાં તૂટી જાય ત્યારે દોષનો ટોપલો હલ્કી ગુણવત્તાની કામગીરી અને કોન્ટ્રાક્ટરોની બેદરકારી સીધી જવાબદાર ગણાય પરંતુ અધિકારીઓ આવી કોઇ કાર્યવાહી કરતા નથી.

### કોન્ટ્રાક્ટરના ખર્ચે કે પછી સરકારી તિજોરી પર બોજો?

વ્યારા: રસ્તાઓની દૂરસ્તીની કામગીરી માટે સ્ટેટ માર્ગ અને મકાન વિભાગની ટીમ કાર્યરત કરવામાં આવી છે. જેમાં જેસીબી મશીન, ટ્રેક્ટર અને ડમ્પર જેવા સાધનો કામે લગાડવામાં આવ્યા છે. આ કામ માટે સુપરવાઇઝરની ટીમ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓની દૂરસ્તી માટે કામ કરી રહી છે. પણ આ કોન્ટ્રાક્ટરનાં ખર્ચે કે પછી સરકારી તિજોરી પર બોજો?

# અંકલેશ્વરની હોટલ રીવેરા ગ્રીન સીલ, માલિકને નોટિસ ફટકારાઈ

**બૌડાએ** પરવાનગી વગરના બાંધકામ કરતા કાર્યવાહી હાથ ધરી

અંકલેશ્વર, ભરૂચ : અંકલેશ્વરથી ભરૂચને જોડતા જુના નેશનલ હાઈવે-48 પર ગડખોલ પાટીયા પાસે આવેલી હોટલ રિવેરા ગ્રીનને બૌડાએ સીલ કરવાની ઘટના સામે આવી છે. ભરૂચ અંકલેશ્વર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (બૌડા) દ્વારા કઠિતપણે ગેરકાયદે બાંધકામો સામે લાલ આંખ કરીને કાર્યવાહી હાથ ધરી છે.

સમગ્ર તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે હોટલના બાંધકામ માટે બૌડાની કોઈપણ પ્રકારની પરવાનગી લેવામાં આવી નથી. આ કારણે બૌડાના અધિકારીઓએ હોટલને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

બૌડાએ હોટલ માલિકને નોટિસ ફટકારીને ખુલાસો રજૂ કરવા નિર્દેશ પાઠવ્યો છે.

આ કાર્યવાહીના પગલે વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ કરનારા લોકોમાં ફફડાટ ફેલાયો છે. બૌડા દ્વારા આવા અન્ય ગેરકાયદે બાંધકામો સામે કાયદાનો કોરડો વીંઝાશે.

### સોનગઢથી ઓવરલોડ ફ્લાયએશ ભરી આવતું ડમ્પર વીરપુરમાં પલટી ગયું

- વ્યારા : ધુલિયા- સુરત રોડ ઉપર વ્યારાનાં વીરપુર ત્રણ રસ્તા પર સોનગઢમાંથી ઓવરલોડ ફ્લાયએશ ભરી આવતું ડમ્પર પલ્ટી ગયું હતું. જેને પગલે ડમ્પર ચાલક ઘવાયો હતો. નજીકમાં જ આવેલ સીસીટીવી કેમેરામાં આ ઓવરલોડ વાહન અકસ્માતની ઘટના કેદ થઈ છે. જો ટોલનાકાનાં કેમેરા જ તપાસવામાં આવે તો ઓવરલોડ વાહનો ન પકડતા સરકારી તિજોરીને રોજની લાખોની ખોટ જઈ રહી છે. ધોરીમાર્ગ પર ખાડાથી રોડની દુર્દશા અને તેનાંથી અકસ્માતો પણ વધ્યા છે. પણ આશ્ચર્યની વાત છે કે, સોનગઢમાંથી રોજનાં ૨૦૦થી વધુ ડમ્પરો ઓવરલોડ ફ્લાયએશ ભરી આ ધોરીમાર્ગ પરથી પસાર થઇ રહ્યા છે. સરકારી અને ટોલપ્લાઝાનાં સીસીટીવી કેમેરામાં તમામ ઓવરલોડ વાહનો કેદ થઈ રહ્યા છે, પણ આવા વાહનોને ઓવરલોડનું દંડ ફટકારવામાં આવતું નથી. ફ્લાયએશનાં ઓવરલોડ વાહનોથી અકસ્માત થતા હોવાનું વહિવટીતંત્ર પોતે જાણતું હોવા છતાં હજુ સુધી આવા એકેય વાહનો કાયદાની અડફેટમાં લેવાતા નથી.

**ટેન્ડરથી કામો કરાવવાને બદલે વહિવટી પાર્દશિતા વિના ટીડીઓની ટેન્ડર વગર કામો કરાવવાનો ટોપલો અમલીકરણ ગ્રામ પંચાયત હોય તેમ તેનાં શિરે ઢોળવાની કુટનિતી**

# પ્રાયોજના વહિવટદાર કચેરીનાં કામોમાં ભ્રષ્ટાચાર ઉભરાયો

**વહિવટી મુજબ ટેન્ડર નહીં, છતાં ગ્રાંટ ફાળવાઇ**

**વહિવટીમાં** દર્શાવ્યા મુજબનાં સરકારનાં નીતિનિયમો મુજબ કામો થતા નથી

**કામોનું** મોનિટરિંગ, ગુણવત્તાની ચકાસણી તેમજ કાર્યવાહીની સરકારી ચોપડે કોઇ નોંધ નથી

**આઇએએસ** કક્ષાનાં અધિકારીઓ દ્વારા તૈયાર કરાતી વહિવટીમાં કામ વેળાએ નીચેનાં અધિકારીઓ દ્વારા ટેન્ડર જેવા નિયમોની ઘોર ઉપેક્ષા, મળતિયાઓને ફાયદો

વ્યારા : સોનગઢ પ્રાયોજના વહિવટદાર કચેરીનાં કામોમાં ભ્રષ્ટાચારની બુમરાણ ઉઠતા સરકારે મોટાભાગની કચેરીઓ પર આઇએએસ કક્ષાનાં અધિકારીઓની નિમણૂક કરી છે. પરંતુ જુદા- જુદા સદરનાં જે તે વિભાગનાં અમલીકરણ અધિકારીને કામો ફાળવવાને બદલે મળતિયાઓને કામો મળી રહે તે પ્રકારનાં આયોજનો જોવા મળી રહ્યા છે. વન વિભાગ(એફઆરએ), સિંચાઇ(વાસ્મો અને પંચાયત સિંચાઇ) જેવા સદરનાં કામો તાલુકા પંચાયતને ફાળવી ટીડીઓને અમલીકરણ બનાવ્યા હતા. જેમાં ટેન્ડરથી કામો કરાવવાને બદલે વહિવટી પાર્દશિતા વિના ટેન્ડર વગર કામોની ફાળવણીનો ટોપલો ગ્રામ પંચાયત જાણે અમલીકરણ હોય તેમ શિરે ઢોળવાનાં કાવાદાવા રચાઇ રહ્યા છે. કોઇ પણ કામનો વહિવટ આપ્યા બાદ તે કામો સરકારનાં નીતિનિયમો મુજબ થાય છે કે નહીં, કામોનું મોનિટરિંગ તેમજ ગુણવત્તાની ચકાસણી કરી થતી કાર્યવાહીની નોંધ પ્રાયોજના વહિવટદારે સરકારી ચોપડે કરવાની હોય છે. અહીં ટીડીઓને વહિવટ આપ્યા પછી તેમાં દર્શાવ્યા નિયમ મુજબ ટેન્ડર કરાતુ નથી છતાં ગ્રાંટ ફાળવાઇ રહી છે. ટ્રાયબલનાં કામોનાં આયોજનની મિટીંગમાં ઇ-ટેન્ડર કરી કામોની નિસ્પક્ષ ફાળવણી કરવાનાં નિયમો ત્રણ- ત્રણ આઇએએસ કક્ષાનાં અધિકારી બનાવે છે અને તેને વર્ગ-રનાં ટીડીઓ કક્ષાનાં અધિકારી જાણે ટ્રાયબલની ગ્રાંટનાં સર્વોસર્વા હોય તેમ ભાજીમુળો સમજી વગર ટેન્ડરે કામો કરાવતા હોય, તે કામોની ગ્રાંટ પણ પ્રાયોજના વહિવટદાર ચુકવી દેતાં હોય ત્યારે તટસ્થ અને ન્યાયિક પ્રક્રિયાની અપેક્ષા ક્યાં અને કોની પાસે રાખવી? મોટો સવાલ ટ્રાયબલનાં ટેન્ડર વગરનાં કામો અને તેની બારોબાર ચુકવાતી ગ્રાંટને લઇ ઉઠ્યો છે.

સોનગઢની ટ્રાયબલ કચેરીમાં આદિવાસી, આદિમજુથનાં લોકોનાં વિકાસ માટે ફાળવાતા કરોડોનાં કામો નિસ્પક્ષ, તટસ્થ ટેન્ડર પ્રક્રિયા મારફત થાય માટે તેની દેખરેખ કરવા પ્રાયોજનાં વહિવટદાર કચેરીમાં પ્રાયોજનાં વહિવટદાર અધિકારી પણ આઇએએસ કક્ષાનાં અધિકારી મુકાયા છે. ટ્રાઇબલનાં કોઇ પણ કામો અમલીકરણ એજન્સીને ફાળવતા પહેલાં કલેક્ટર, ડીડીઓ, પ્રાયોજના વહિવટદાર(આઇએએસ કેડર)નાં અધિકારીઓ આયોજનમાં સંયુક્ત રીતે અમલીકરણ એજન્સીની વહિવટીમાં ટેન્ડર સહિતનાં નિયમો મુકે છે. પણ આઇએએસ કક્ષાનાં વર્ગ ૧નાં અધિકારીઓ દ્વારા તૈયાર કરાતી વહિવટીનાં કામો વેળાએ વર્ગ ૨ અને ૩નાં અધિકારીઓ ટેન્ડરનાં નિયમોનું મનસ્વી અર્થઘટન કરી મળતિયાઓને કામો ફાળવી રહ્યા છે. ટ્રાયબલ કચેરીમાં ગરીબ આદિવાસી- આદિમજાતિનાં લોકોનાં ઉત્થાન માટે આપતી કરોડોની ગ્રાન્ટનો મોટો હિસ્સો ચોક્ક્સ સંસ્થાનાં ગજવામાં જઈ રહ્યો છે. કામોનું વિતરણ- સંચાલન માટે નિયમો તો બનાવાય છે, પણ તેનો કોઇ ચોક્ક્સપણે અમલ થતો નથી. કોઇ પણ કામોની વહિવટી આપ્યા બાદ અમલીકરણ એજન્સી નિયમ મુજબ કામો કરાવે છે કે કેમ? તેનું પ્રાયોજના વહિવટદારે સુપરવિઝન કરવાનું રહે છે. જો નિયમ મુજબ કામો થયા હોય તો જ તેની ગ્રાંટ અમલીકરણ એજન્સીને ફાળવવાની રહે છે પરંતુ નિયમ વિના થતા કામોની ગ્રાંટ પણ ફાળવાઇ જાય છે ત્યારે ટેન્ડર વગરનાં કામોનાં કૌભાંડમાં ઉચ્ચ અધિકારીઓ- નેતાઓની આડતરી સંડોવણીની આશંકા પ્રબળ બની જાય છે.

### ટેન્ડર, નિવિદા વગરનાં કામો એસ્ટીમેન્ટ મુજબ થતા જ નથી

વ્યારા: કોઈપણ ટેન્ડર, નિવિદા વગરનાં થતા કામો એસ્ટીમેન્ટ મુજબ થતા જ નથી. ત્યારે ટેન્ડર કે નિવિદા વગરનાં આવા કામોનાં કરોડો રૂપિયા પ્રાયોજનાની કચેરીએથી બારોબાર ચૂકવાય છે. હાલ પણ આવા ખેલ પણ ખેલાઇ રહ્યા છે. તાપી જિલ્લો આદિવાસી, પછાત હોય એના વિકાસ માટે વાર્ષિક કરોડો રૂપિયા આવતા હોય અને તે કરોડો રૂપિયા અધિકારીઓની લાગતી વળગતી એજન્સીઓને કામ આપી ઉંચો એસ્ટીમેન્ટ બનાવી બારોબાર રૂપિયા પધરાવી દેવામાં આવી રહ્યા છે. ત્યારે સરકારનાં આદિવાસી- આદિમજુથનાં લોકોનાં વિકાસ માટેનાં ભગીરથી આશય પર પલિતો ચાપનારા આવા તમામ અધિકારીઓ સામે તટસ્થ અને નક્કર કાર્યવાહી થવી જોઇએ.

### ટેન્ડરથી જ એજન્સી મારફત કામગીરી કરાવવાની રહે છે

ટ્રાયબલનાં કામોના વહિવટમાં ટેન્ડરથી કામ કરાવવાની જોગવાઇ કરી હોય તો ટેન્ડરથી જ એજન્સી મારફત કામગીરી કરાવવાની રહે છે. - ચીટનીશ, પ્રાયોજના વહિવટદારની કચેરી, સોનગઢ)

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી પાલવાડા ઔદિચ્ય બ્રાહ્મણ વરિષ્ઠ નાગરિક મંડળની ત્રિમાસિક સભા યોજાઈ

બારડોલી : બારડોલીના ઔદિચ્ય બ્રાહ્મણ પાલવાડા સમાજના વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા આજે ત્રિમાસિક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. બારડોલીના ગામતળ વિસ્તારમાં આવેલી બ્રાહ્મણ સમાજ વાડી ખાતે યોજાયેલી આ સભામાં 60 વર્ષથી વધુ વય ધરાવતા સમાજના મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ ભગીરથ નાયક, મંત્રી અમર શુક્લ, કિશોર વ્યાસ અને જયપ્રકાશ વ્યાસ સહિતના મહાનુભાવો દ્વારા વર્તમાન સમયમાં વરિષ્ઠ નાગરિકોની કૌટુંબિક જવાબદારીઓ, સ્વાસ્થ્યલક્ષી સાવધાની અને પરિવારના બાળકોમાં સંસ્કાર સિંચન જેવા વિષયો પર મનનીય ઉદ્બોધનો કરવામાં આવ્યા હતા. સંસ્થાની પ્રણાલી મુજબ, છેલ્લા ત્રણ મહિના દરમિયાન જેમની વર્ષગાંઠ આવતી હતી તેવા તમામ સભ્યોને શુભેચ્છા ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યજુર્વેદી પંથના ગણાતા બ્રાહ્મણ પરિવારોમાં એકતા અને એકરાગીતા જળવાઈ રહે તથા બ્રાહ્મણો પોતાનું સામાજિક કર્તવ્ય બજાવે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. આ સભા વરિષ્ઠ નાગરિકોને એકબીજા સાથે જોડાવા અને સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહેવા માટે એક મંચ પૂરો પાડે છે.

### અનાવલ હાઈસ્કૂલમાં ગુરુપૂર્ણિમા નિમિતે થાળી શણગાર સ્પર્ધા યોજાઈ

ભોરીયા : શ્રી કે. એલ. પટેલ એન્ડ વી. એમ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલમાં ગુરુપૂર્ણિમા નિમિતે થાળી શણગાર સ્પર્ધા યોજાઇ હતી. જેમાં શાળાના 71 વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી માધ્યમિક વિભાગમાં પ્રથમ ગુંજન એસ. પટેલ, બીજા ક્રમે ઉર્વી આર. પટેલ, ત્રીજા ક્રમે પલ પટેલ અને પ્રિન્સી કુમારી જ્યારે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાંથી પ્રથમ પૂરવા એસ. પટેલ, બીજા ક્રમે લાડ પ્રિયા, ત્રીજા ક્રમે મીનલ જે. પટેલ વિજેતા બન્યા હતા. વિદ્યાર્થીઓને માર્ગદર્શક ભરતભાઇએ આપ્યું હતુ. શાળાના આચાર્ય ભૂપેન્દ્રભાઈ અને સ્ટાફ પરીવારે અભિનંદન આપ્યા હતા.

### નિઝરમાં પુત્રના વિરહમાં આધેડ પિતાનો તાપી નદીમાં ભૂસ્કો

વ્યારા: નિઝરનાં જુના કાવઠા ગામની સિમમાંથી પસાર થતી તાપી નદીના કિનારે તા.૧૭/૦૭/૨૦૨૫ નાં રોજ બપોરે ૨ વાગ્યાનાં અરસામાં વંજી રૂપચંદ આહીરરાવ(ઉ.વ.૯૦)(રહે. શિક્ષક કોલોની પ્લોટ નં.૨૫ તા.સાંકરી જી.ધુલીયા, મહા.)નો પુત્ર એકાદ માસ પહેલા મૃત્યું પામ્યો હતો. જેના આઘાતમાં રહેતા પિતાએ કંટાળી પોતે તાપી નદીના ઉંડા પાણીમાં કુદી જતા ડુબી જવાના કારણે તેમનું મોત નિપજ્યુ હોવાનું પોલીસ ચોપડે નોંધાયુ છે.

### પાલેજ GIDCની કંપનીમાંથી કેબલ ચોરીમાં ચાર ઝડપાયા

ભરૂચ : પાલેજ GIDC વિસ્તારમાં આવેલી સ્ટીલકો ગુજરાત લિમિટેડ કંપનીમાં થયેલી ચોરીમાં પાલેજ પોલીસે ચાર ઇસમોને ઝડપી પાડ્યા છે. કંપનીના જનરલ મેનેજરની ફરિયાદ મુજબ, આરોપીઓએ કંપનીની દીવાલ કૂદીને પ્રવેશ કર્યો હતો. આરોપીઓએ કંપનીમાંથી રૂપિયા 1.50 લાખની કિંમતના 100 મીટર પાવર કેબલ અને એર કોમ્પ્રેસરમાંથી રૂપિયા 36,000ના કોપર કેબલની ચોરી કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોની મદદથી ચાર આરોપી અજય હરમનભાઇ વાદી, અજય મુકેશભાઇ વાદી (બંને રહે-પાલેજ), સન્ની વસાવા (રહે-પાલેજ) અને યાકુબ અબ્દુલ કુક્કડા (રહે-વલણ,અલકાપુરી નગરી, તા-કરજણ) ની ધરપકડ કરી છે. પોલીસે તેઓ પાસેથી 11 કિલોગ્રામ કોપર વાયર, બે એન્ડ્રોઈડ મોબાઈલ મળીને કુલ 16600 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# માણેકપોર નજીકથી બે ટેમ્પોમાંથી 18 ભેંસને બચાવી લેવામાં આવી

**બારડોલી** પોલીસે 18 ભેંસ જપ્ત કરી બે ટેમ્પો ડ્રાઈવર સહિત ત્રણ વ્યક્તિની ધરપકડ કરી

બારડોલી : બારડોલી પોલીસે શુક્રવારે ઢોરની ગેરકાયદે હેરાફેરીના બે કિસ્સાનો પર્દાફાશ કરી કુલ 18 ભેંસ જપ્ત કરી બે ટેમ્પો ડ્રાઈવર તેમજ ક્લીનરની ધરપકડ કરી છે.

માણેકપોર પાસે, સુરતથી વ્યારા જતા રોડ પરથી GJ-19-U-2986 નંબરના ટેમ્પોમાં 9 ભેંસને ટેમ્પોમાં ક્રૂરતાપૂર્વક ભરી હતી. પોલીસને ગૌરક્ષક મહાવીરભાઈ જૈને આ અંગેની જાણ કરતા બારડોલી રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ટેમ્પો ડ્રાઈવર સલીમ આલીસર (રહે. જામણીયા ગામ, તા. વાલોડ)ની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે ભેંસોનો માલિક હાદીનખાન આલીસર (રહે. જામણીયા ગામ)એ ભેંસોને કામરેજ, દાદા ભગવાનના મંદિરની બાજુમાંથી ભરીને જામણીયા ગામ લઈ જવાની હતી. પોલીસે 9 ભેંસો અને ટેમ્પો જપ્ત કરી સલીમની ધરપકડ કરી ભેંસોના માલિક હાદીનખાનને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. અન્ય એક બનાવમાં માણેકપોર ચેક પોસ્ટ સામે, સુરતથી વ્યારા જતા રોડ પરથી ભેંસોની હેરાફેરીનો વધુ એક પર્દાફાશ કર્યો છે. પોલીસ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન અમલદાર એ.એસ.આઈ. અંજનાબેન ધનસુખભાઈએ તેમને જાણ કરી કે, માણેકપોર ચેકપોસ્ટ સામે ગૌરક્ષક મહાવીર જૈનના માણસોએ ટેમ્પો પકડ્યો છે, જેમાં ભેંસો ભરેલી છે. ઘટનાસ્થળે પહોંચતા, મહાવીર જૈને તેમને GJ-14-AT-4017 નંબરનો ટેમ્પો બતાવ્યો હતો. આ ટેમ્પોમાં 9 ભેંસો ભરેલી હતી. પોલીસે ટેમ્પોના ડ્રાઈવર વિજય ચોસલા (ઉંમર 30, રહે. હરસુરપુર દેવળીયા) અને ક્લીનર વાસુભાઈ માલકીયા (ઉંમર 22, રહે. લીંબડીયા, બોટાદ) ને પકડી પૂછપરછ કરતા જણાવ્યું કે આ ભેંસોના માલિક અમિત રાઠોડ (રહે. પલાસવા, જુનાગઢ)એ ભેંસોને ધુલિયામાં પ્રશાંત ગૌલીના તબેલામાં લઈ જવાનું કહ્યું હતું. પોલીસે 9 ભેંસો અને ટેમ્પો જપ્ત કર્યા છે. વિજય ચોસલા અને વાસુ માલકીયાને અટક કરી ભેંસોના માલિક અમિત રાઠોડને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. બંને કિસ્સાઓમાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આમોદમાં પાણીનો કકળાટ: મહિલાઓનો મોરચો

**પાણીના** કનેક્શન હોવા છતાં 24 કલાક પાણીની સુવિધા મળતી નથી

**ભૂગર્ભ** ગટરો પણ ઉભરાતા વારંવાર રજૂઆત છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી

ભરૂચ : આમોદ શહેરના વોર્ડ નં-2માં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. સ્થાનિક મહિલાઓએ આમોદ નગરપાલિકા સામે જઈને દોષનો ટોપલો ઢોળીને ધરણા કર્યા હતા.

આમોદના વાંટા વિસ્તાર, માલી ફળિયું, રબારીવાડ અને પાટીદાર ફળિયાની મહિલાઓએ મુખ્ય અધિકારીની કચેરીએ પહોંચી પાણી માટે પ્રબળ રજૂઆત કરી હતી.

આમોદનાં સ્થાનિક રહીશ મુકેશ રબારીના જણાવ્યા મુજબ, વિસ્તારમાં 242 પાણી કનેક્શન હોવા છતાં 24 કલાક પાણીની સુવિધા મળતી નથી. આ ઉપરાંત વિસ્તારમાં ભૂગર્ભ ગટરો પણ ઉભરાઈ રહી છે. મહિલાઓએ આરોપ મૂક્યો છે કે વારંવાર રજૂઆત છતાં પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી થતી નથી. પીવા અને નાહવા માટે પાણીની અછતથી રહેવાસીઓ હેરાન પરેશાન થઇ ગયા છે. નગરપાલિકા પ્રમુખ કચેરીમાં હાજર ન હોવાથી મહિલાઓએ તેમના રાજીનામાની માંગણી કરી હતી. મુખ્ય અધિકારી પંકજ નાયકે વહેલી તકે પાણી સમસ્યાનું સમાધાન લાવવાની ખાતરી આપી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે આમોદ નગરપાલિકા પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે. આ સમસ્યાના કાયમી નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે.

**હવાલા કૌભાંડનો થયો મોટો પર્દાફાશ**

# ઝામ્બિયાથી સુરત થઈને ભરૂચ મોકલવામાં આવેલા 40.35 લાખ સાથે ત્રણ ઝડપાયા

**પ્રાથમિક** તપાસમાં આ કૌભાંડ દાયકાઓથી ચાલી રહેલા હવાલા રેકેટનો ભાગ હોવાની સ્ફોટક વિગત પોલીસ સામે આવી

ભરૂચ : ભરૂચ SOG પોલીસે હવાલાના રૂપિયા 40.35 લાખ સાથે ભરૂચ જિલ્લાના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ રકમ ઝામ્બિયાથી સુરત મારફતે ભરૂચ સુધી લાવવામાં આવી હતી.

ભરૂચ SP મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ SI ગજેન્દ્રસિંહને મળેલી બાતમીના આધારે કરમાડ ગામ પાસેથી બે શખ્સોને રોકયા હતા. તેઓના સઘન ચેકિંગમાં રૂપિયા 40.35 લાખની મોટી રકમ મળી આવી હતી. પોલીસને તેઓ પાસેથી ગલ્લા તલ્લા કરીને સંતોષકારક જવાબ ન મળતા બંનેને BNSS કલમ 35(1)(ઇ) હેઠળ અટક કરવામાં આવી હતી.

તપાસમાં જાણવા મળ્યું કે, આ રકમ મૌલવી મુસા આદમ રંદેરાને આપવાનાં હતા. આરોપી હુજેફા પટેલે તેના ખાસ મિત્ર સાકીર હુસેન પટેલના મોબાઈલમાં વોટ્સએપ હેક કરીને માહિતી મેળવી હતી. ત્યારબાદ તેણે પોતાના બે સાથીદારો સાથે મળીને રૂપિયા 48 લાખમાંથી રૂપિયા 40.35 લાખની ચોરી કરી હતી.

પોલીસે 22 વર્ષીય હુજેફા અલ્તાફ યાકુબ પટેલ (મોબાઈલ હેકર, રહે- A /01, સિરાજ પાર્ક, ત્રણકુવા, રેલવે ફાટક પાસે શેરપુરા-ડુંગરી રોડ, ભરૂચ), 23 વર્ષીય ઝકરીયા ઈદ્રીશ બારીવાલા (હવાલાના નાણાંનો પીછો કરનાર રહે-કરમાડ, માટલીવાલા ફળિયું, ભરૂચ) અને 24 વર્ષીય મહંમદજાવીદ ઝાકીર પીપા (ઇકો ગાડીમાંથી નાણાં કાઢનાર, રહે 206, કંથારિયા, ખાનજી સ્ટ્રીટ તા.જી-ભરૂચ) ની ધરપકડ કરી છે. પોલીસે કુલ રૂપિયા 40,70,300નો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં રોકડા રૂપિયા 40,35,300, બે મોબાઈલ અને એક જ્યુપીટરનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડ દાયકાઓથી ચાલી રહેલા હવાલા રેકેટનો ભાગ હોવાનું સ્ફોટક વિગત પોલીસ સમક્ષ સામે આવી છે.

# નળધરા ગામમાં જમીનના વિવાદમાં ખેતીને નુકસાન કરનાર ત્રણ સામે ફરિયાદ

અનાવલ : મહુવા તાલુકાના નળધરા ગામે ખેડૂતની જમીનમાં ત્રણ ઇસમે આવી પાકને નુકસાન કરતા ખેડૂતે મહુવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર નળધરા ગામના ખેડૂત કાંતિલાલ ચંદ્રસિંહ ચૌધરીએ મહુવા પોલીસ મથક અને નાયબ પોલીસ અધિક્ષક, બારડોલી ડિવિઝનને ફરિયાદ આપી જણાવ્યું છે કે, મહુવા તાલુકાના કાછલ ગામે સંયુકત માલિકીની નળધરા ગામે આવેલી બ્લોક નં.૪૮૪/૧ વાળી ખેતીની જમીન પર છેલ્લા ઘણા સમયથી કાછલના પરિવારની દાનત બગડી છે. આ ત્રણેય જમીન પચાવી પાડવા અનેક પ્રકારના કારસા રચીને લેન્ડ માફિયાઓ સાથે મળી કારસ્તાન કરી રહ્યા છે. ફરિયાદી ખેડૂતે થોડા સમય પહેલાં આંબાવાડી કરવા માટે ૧૦૦ જેટલી આંબાની કલમો રોપી હતી. અને શિયાળુ રીંગણનો પાક કરવા માટે જમીનમાં એક વીઘામાં રોપાણ કર્યું હતું. તારીખ 16/06/2025 ના રોજ આ ખેડૂત પરિવાર વાવેતરમાં નીંદામણ કરવા માટે પહોંચ્યા ત્યારે ચીમન લખા ચૌધરી, ધર્મેશ સુરેશ ચૌધરી અને ઈલા સુરેશ ચૌધરી હાથમાં દાતરડા સહિતના હથિયારો લઈ આવીને ૧૦૦ આંબા કલમો ઉખેડી નાખ્યા હતા. તેની સાથે સાથે એક વીઘા જમીનમાં વાવેતર કરેલા રીંગણના છોડ પણ ઉખેડીને નષ્ટ કરી દીધા હતા. જમીનમાં ૪૫,૦૦૦ થી વધારેનું નુકસાન કરી ખેડૂતને જાનથી મારી નાખવાની ધમકી આપતા ખેડૂતે મહુવા પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.